# પ્રાંતિજ પાલિકા ફાયર વિભાગ ટીમ દ્વારા હડકાયા શ્વાનને ઝડપી લીધું



પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તપોધન ફડી ખાતે છેલ્લા પાંચ દિવસ થી હડકાયા શ્વાને ૧૫ થી પણ વધુ લોકોને બચકાં ભરતા આ અંગેની મૌખિક તથા લેખિતમા ફડી ખાતે રહેતા રહીશો દ્વારા પ્રાંતિજ પાલિકામા કરવામા આવી હતી જે ને લઈ ને પાલિકા દ્વારા એક્શન લેતા ફાયર ટીમ દ્વારા હડકાયા શ્વાન ને ઝડપી પાડયુ હતુ

પ્રાંતિજ નગરપાલિકા વોર્ડ-નંબર-૪ વિસ્તાર મા આવેલ તપોધન ફડી ખાતે છેલ્લા પાંચ દિવસ થી એક શ્વાન હડકાયુ થતા આ વિસ્તાર ના રહીશો ની ઉધ હરામ કરી દીધી ત્યારે ફડી ખાતે રહેતા લોકો સહિત ત્યાંથી અવરજવર કરતા ૧૫ થી પણ વધારે લોકોને બચકા ભર્યા હતા જેને લઈ ને આ વિસ્તાર ના રહીશોએ પ્રાંતિજ નગર પાલિકા મા મૌખિક તથા લેખિત મા જાણ કરી હતી તો આ વિસ્તાર ના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ ને પણ જાણ કરી હતી તો હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા પ્રાંતિજ પાલિકા ના આરોગ્ય વિભાગ મા જાણ કરતા સંજય ભાઈ ચૌધરી એ ફાયર વિભાગ ની ટીમ ના કેપ્ટન મુકેશભાઈ પરમાર ને જાણ કરતા મુકેશભાઈ પરમાર, અનીલભાઈ મકવાણા સહિત ની તેમની બપોર ના સમયે તપોધન ફડી ખાતે દોડી આવી હતી અને ૧૫ થી પણ વધારે લોકો ને બચકા ભરેલ શ્વાન ને અડધો કલાક ની દોડધામ બાદ મહામુસીબતે શ્વાન ને ઝડપી લીધુ હતુ અને તેને ઝડપી પાડીને લઈ જઈ ને જંગલ વિસ્તાર મા છોડી મુકવામા આવ્યુ હતુ ત્યારે હડકાયુ શ્વાન પકડાઈ જતા આ વિસ્તાર ના લોકોએ હાશકારો લીધો હતો અને પ્રાંતિજ પાલિકા તથા પાલિકા ફાયર ટીમ તથા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ તથા તેવોના પ્રતિ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ નો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોડાસા-૯, બાયડ-૮, હિંમતનગર-ખેડબ્રહ્મામાં ૬ ઉમેદવારોએ ડિપોઝીટ ગુમાવી....!!!!

## જિલ્લાની ૭ બેઠકો પર ચૂંટણી લડતા ૩૪ ઉમેદવારોની ડિપોઝીટ ડૂલ : હિંમતનગર, બાયડના આમઆદમી પાર્ટીના ઉમેદવારો ડિપોઝીટ બચાવી શકવામાં નિષ્ફળ

બાયડ, તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૭ વિધાનસભા બેઠકના પરિણામો જાહેર થયા છે જેમાં ૫ ભાજપ, ૧ અપક્ષ અને ૧ કોંગ્રેસના ઉમેદવારનો વિજય થયો છે. કુલ-૫૭ ઉમેદવારો મેદાનમાં હતા તેમાંથી ૩૪ ઉમેદવારોની ડિપોઝીટ ડૂલ થઈ છે. વિધાનસભા બેઠકમાં આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ ૭ પૈકી ૫ બેઠકો ઉપર પ્રભાવી દેખાવ કરી ડિપોઝીટ બચાવી લીધી છે પરંતુ હિંમતનગર અને બાયડ બેઠકના આમઆદમી પાર્ટીના ઉમેદવારો ડિપોઝીટ

**કેટલા ઉમેદવારોની ડિપોઝીટ સ્કૂલ**

| વિધાનસભા | કુલ ઉમેદવાર | ડિપોઝીટ ગુમાવનારા |
|---|---|---|
| હિંતમનગર | ૦૮ | ૦૬ |
| પ્રાંતિજ | ૦૬ | ૦૨ |
| ભિલોડા | ૦૭ | ૦૩ |
| ઈડર | ૦૩ | ૦૦ |
| મોડાસા | ૧૨ | ૦૯ |
| બાયડ | ૧૧ | ૦૮ |
| ખેડબ્રહ્મા | ૦૯ | ૦૬ |

બચાવી શકવામાં નિષ્ફળ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત વિધાનસભાની વર્ષ-૨૦૨૨ની ચૂંટણી ઐતિહાસિક બની રહી. ચૂંટણીપંચ દ્વારા ચૂંટણી લડતા ઉમેદવારને રુ ૪૦ લાખ સુધીના ખર્ચની છૂટ આપવામાં આવી હતી પરંતુ અનેક વિસ્તારોમાં પૈસા અને દારુની રેલમછેલ થઈ પરંતુ કરકસરપૂર્વક ખર્ચ કરનારા રાજકીય પક્ષના ઉમેદવારો જીત્યા અને જેમને કાર્યકર ઉપર ભરોસો રાખી પૈસા આપ્યા તેમાં કેટલાક કાર્યકરો માલામાલ થયા અને રાજકીય પક્ષના ઉમેદવાર ઘરભેગા થયાની ચર્ચાઓ પણ શરુ થઈ છે. આ બધા વચ્ચે સમગ્ર જિલ્લામાં એક રીતે મોદી મેઝીક ચાલ્યો હોય તેવું જોવા મળ્યું. જિલ્લાની હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, મોડાસા અને ભિલોડા બેઠક ઉપર ભાજપના ઉમેદવારો વિજેતા થયા. ખેડબ્રહ્મા બેઠકમાં કોંગ્રેસ અને બાયડ બેઠકમાં અપક્ષ ઉમેદવારનો વિજય થયો છે. ખેડબ્રહ્મા, ભિલોડા અને પ્રાંતિજ બેઠકના આમઆદમી પાર્ટીના ઉમેદવારોએ સારા મત મેળવી વર્ષ-૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પડકારના સંકેત આપ્યા છે. જ્યારે આમઆદમી પાર્ટીના પ્રાંતિજ, ભિલોડા, ઈડર, ખેડબ્રહ્મા, મોડાસાના ઉમેદવારો ડિપોઝીટ બચાવી શક્યા છે.

# લાલપુરના સીમાડામાં ધોળે દિવસે ૩ દિપડા દેખાયા

## રાત્રે ખેતી કામ કરતા ખેડૂતોમાં ભયનો માહોલ : દિપડાના ડરથી સીમાડા સૂમસામ રહેતાં રવી ખેતીમાં ભેલાણ વધ્યું

બાયડ, તા.૧૦

મોડાસા તાલુકાના લાલપુર(સરડોઈ)ના સીમાડામાં આવેલ ભંગોડીયા ડુંગર વિસ્તારમાં ૨ દિવસ પૂર્વે ધોળે દિવસે એક સાથે ૩ દિપડા દેખાતાં પંથકમાં ભયનો માહોલ ઉભો થયો છે. દિપડાના ભયથી ખેડૂતો રાત્રે ખેતરમાં જતાં ભય અનુભવી રહ્યા છે જેથી સૂમસામ રહેતા ખેતરોમાં નિલગાય તેમજ ભૂંડનું ભેલાણ વધી ગયું છે. વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પૂરવામાં આવે તેવી સ્થાનિક ખેડૂતોએ માંગ કરી છે.

જિલ્લામાં સરડોઈ વિસ્તારના જંગલમાં છેલ્લા કેટલાક સમયથી દિપડાઓની સતત અવર જવર રહેતી આવી છે. અગાઉ છાત્રેશ્વરી તેમજ લાલપુરના સીમાડામાં દિપડાએ ૨ પશુઓના મારણ કરેલાં છે. જેથી ૩ મહિના સુધી દિપડો જંગલમાંથી ગાયબ થઈ ગયા પછી હવે ફરીથી સરડોઈ નજીકના દોલપુર ગામના ડુંગર ઉપર દેખાયો છે. ૨ દિવસ પૂર્વે લાલપુરના ભંગોડીયા ડુંગર વિસ્તારમાં એક સાથે ૩ દિપડા જોવા મળતાં ખેત સીમાડાઓમાં ભયનો માહોલ ઉભો થયો હતો. લાલપુરથી વાંટડા જવાના માર્ગ નજીક ૩ દિપડાઓએ ડુંગરની તળેટી નજીક ધામા નાખતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં જોત જોતામાં મોટી સંખ્યામાં આસપાસના ખેડૂતો સ્થળ ઉપર દોડી આવતાં દિપડો જંગલમાં અદ્રશ્ય થઈ ગયા પરંતુ હવે ખેડૂતો રાત્રે ખેતરમાં જતાં પણ ભય અનુભવી રહ્યા છે. અત્યાર સુધી દિપડાએ આ વિસ્તારમાં ૨ પશુઓના મારણ કર્યા હોવાના કારણે પશુપાલકો પણ ચિંતિત બન્યા છે. જ્યારે શિયાળાની સીઝનમાં સૂકા બળતણનાં લાકડાંની વધુ માંગ રહેતી હોવાથી મહિલાઓ જંગલમાં લાકડાં એકત્ર કરવા માટે જાય છે પરંતુ હવે એક સાથે ૩ દિપડા આ વિસ્તારમાં આંટાફેરા કરી રહ્યા છે જેના કારણે સમગ્ર પંથક દિપડાના આગમનથી ફફડી ઉઠ્યો છે.

**દિપડાના આગમનની વિભાગને જાણ કરી છે – સરપંચ**

મોડાસા તાલુકાના લાલપુરના ડુંગર વિસ્તારમાં એક સાથે ૩ દિપડા જોવા મળતાં પ્રજા અને ખેડૂતોમાં ભયનો માહોલ છે. શામપુર ગૃપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ વજીબેન રેવાભાઈ પટેલે જણાવ્યું હતું કે ૩ દિપડા દેખાયા પછી વન વિભાગને આ અંગે ટેલિફોનિક જાણ કરવામાં આવી છે. ફરીથી દિપડા આ વિસ્તારમાં જોવા મળશે તો પાંજરુ ગોઠવવા માટે પણ રજૂઆત થયાનું જણાવ્યું હતું.

# પ્રાંતિજ વાઘપુર-ભાગપુર રોડ બિસ્માર હાલતમાં

## રસ્તો ભંગાર બની જતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો પરેશાન : રસ્તાને લઈને વાહન ચાલકોને અંધ વચ્ચે પંક્ચર પડે છે : રસ્તાનુ કામ તાકિદે શરૂ કરવા માંગ





પ્રાંતિજ તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વાઘપુર-ભાગપુર જતો રસ્તો હાલ બિસ્માર હાલત મા હોય ગામજનો દ્વારા રસ્તા ને લઈ માંગ ઉઠવા પામી છે. પ્રાંતિજ તાલુકાના વાઘપુર-ભાગપુર નો પાકો રસ્તો છેલ્લા કેટલાય વર્ષ થી ઠામ ઠેકાણા વગરનો ને ભંગાર બની જતા અંહી રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો સહિત ગ્રામજનો ને રસ્તાને લઈ ને મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે તો અહીથી પ્રસાર થતા વાહન ચાલકો ના વાહનોમા પંક્ચર પડતા અધવચ્ચે પડયા રહેવુ પડેછે અને જયા જોવો ત્યા ખાડા ખડીયા વાળો રસ્તાને લઈ ગ્રામજનો ને પણ શીરદર્દ સમાન છે ત્યારે હાલતો આ રસ્તો ભંગાર બની જતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે વાઘપુર ગ્રામજનો દ્વારા બિસ્માર રસ્તાને લઈ ને નવીન રસ્તો બનાવવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# થરાદ બેઠક જંગી લીડથી જીતનાર શંકરભાઈ ચૌધરીનો કેબિનેટમાં સમાવેશ નિશ્ચિત

## દિયોદરના અનુભવી કેશાજી ચૌહાણને પણ મંત્રી પદ મળી શકે

ડીસા, તા. ૧૦

ગુજરાત વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થઈ ગયાં છે, જેમાં ભાજપે વિક્રમી ૧૫૬ બેઠક સાથે ઐતિહાસિક જીત મેળવી છે. આ જીત બાદ હવે ભાજપે નવી સરકાર રચવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. હવે નવા મંત્રીમંડળમાં કોણ કોણ હશે અને એનું જાતિ સમીકરણ શું હશે ? એ અંગે ચર્ચાનો દૌર શરૂ થયો છે. નવા મંત્રીમંડળમાં એક પણ સમાજને અન્યાય ના થાય એની તકેદારી રાખવામાં આવશે તે નક્કી છે. કારણ હવે ભાજપનું આગામી વર્ષ ૨૦૨૪ માં આવનારી લોકસભા ચૂંટણી મુખ્ય લક્ષ છે. જેમાં વર્ષ ૨૦૧૯ ની જેમ ફરી એક વખત ભાજપ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક મેળવવા ઈચ્છે છે, તેથી જાતિવાદી સમીકરણો સાથે ઉત્તર, મધ્ય,દક્ષિણ, સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનને પણ નજરમાં રાખી નવું મંત્રીમંડળ રચવામાં આવશે.ત્યારે બનાસકાંઠા જિલ્લાની થરાદ બેઠક ઉપર ૨૬,૫૦૬ મતની જંગી લીડથી જીતેલા પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીનો કેબિનેટમાં સમાવેશ નિશ્ચિત છે.કારણ ચૂંટણી ટાણે તેમની પ્રચાર સભામાં આવેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમીત શાહે 'તમે ખાલી જીતાડો મોટા અમે બનાવીશું' તેમ કહી તેમનો કેબિનેટમાં સમાવેશનો સંકેત આપી દીધો હતો.એ સિવાય દિયોદર વિધાનસભા બેઠક જીતેલા પૂર્વ રાજ્ય મંત્રી કેશાજી ચૌહાણને પણ તેમના સમાજની જિલ્લામાં બહુમતી જોતા ફરી રાજ્ય કક્ષાના મંત્રી બનાવાય તેવી પણ પૂરેપૂરી શકયતા છે. યોગાનુયોગ આ બંને ભાજપના સક્ષમ આગેવાનો ૨૦૧૭ ની ચૂંટણી હારી ગયા હતા પરંતુ પાંચ વર્ષ લોકોની વચ્ચે રહી કામો કરી ૨૦૨૨ ની ચૂંટણીમાં ધમાકેદાર પુનરાગમન કર્યું છે. તેથી તેમના અનુભવ અને કાબેલિયતને ધ્યાને લઈ બંનેનો મંત્રીમંડળમાં સમાવેશ નિશ્ચિત મનાય છે.

# ખૂનના ગુનામાં વચગાળાના જામીન ઉપર છૂટી ફરાર આરોપી ડીસામાંથી ઝડપાયો

ડીસા, તા. ૧૦



આઈ. જી.પી.જે.આર. મોથલીયા (સરહદી રેન્જ ભુજ) અને જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા તરફથી નાસતા ફરતા તથા પેરોલ ફરારી આરોપીઓ પકડવા આપેલ સૂચના અંતર્ગત અને પેરોલ ફર્લો સ્કવોડ પાલનપુરના પીએસઆઈ આર.એસ.લશ્કરીના માર્ગદર્શન મુજબ સ્ટાફના અ.હેડ.કોન્સ. કુલદીપસિંહ ઝાલા, સમી ઉલ્લાખાન અબ્દુલખાન તથા પો.કો. સંજયભાઈ પ્રેમજીભાઈ તથા સૌકતખાન અકબરખાન વગેરે પોલીસ સ્ટાફે ડીસા શહેર વિસ્તારમાં પેરોલ ફરારી તથા નાસતા ફરતા આરોપીઓની તપાસમા હતા. દરમ્યાન બાતમી આધારે ખૂનના ગુનાના અમદાવાદ સેન્ટ્રલ જેલના પાકા કામના કેદી અને વચગાળાના જામીન ઉપર છૂટી ફરાર થયેલા આરોપી અનીસભાઈ અબ્બાસભાઈ કુરેશી (રહે.ગવાડી, ગંજીપુરા , તા.ડીસા) ને આજે તા.૧૦/૧૨/૨૨ ના રોજ ડીસા મુકામેથી આબાદ પકડી પાડેલ અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે પાલનપુર જિલ્લા જેલ ખાતે સોપવામાં આવેલ છે.

# ડીસામાં બીજે દિવસે પણ તસ્કરોનો તરખાટ: આખોલ પાસેની ૭ દુકાનોના તાળા તોડ્યા

ડીસા, તા. ૧૦

શિયાળાની ઠંડીને લઈ ડીસામાં સતત બીજા દિવસે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો.ગઈકાલે પાટણ હાઈવે પર છ દુકાનોમાં ચોરી થયા બાદ આજે આખોલ ચાર રસ્તા પાસે પણ તસ્કરોએ સાત દુકાનોને નિશાન બનાવી ચોરી કરી હતી. અજાણ્યા તસ્કરો સીસીટીવીમાં દેખાતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે. ડીસામાં ચૂંટણી પત્યા બાદ રાત્રે ઠંડીના ચમકારાને લઈ તસ્કરો બેફામ બન્યા છે અને પોલીસને રીતસર પડકાર ફેંકતા હોય તે રીતે એક પછી એક ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. ગઈકાલે ડીસા પાટણ હાઈવે પર છ દુકાનોમાં ચોરી કર્યા બાદ અજાણ્યા તસ્કરોએ આજે આખોલ ચાર રસ્તા પાસે આવેલી સાત દુકાનોને નિશાન બનાવી હતી, જેમાં કેટલીક દુકાનોમાં નિષ્ફળ પ્રયાસ થયો હતો. જ્યારે શિવમણી એગ્રો મોલ, અમુલ પાર્લર સહિતની દુકાનોના શટર તોડી તસ્કરો માલ-સામાનની ચોરી કરી ગયા હતા. વહેલી સવારે



વેપારીઓને ચોરીની જાણ થતા જ તેઓએ ડીસા તાલુકા પોલીસની જાણ કરી હતી. ચોરી કરવા માટે આવેલા અજાણ્યા તસ્કરો સીસીટીવી કેમેરામાં પણ દુકાનોના શટરના તાળા તોડતા દેખાયા હતા. જેમાં ત્રણ બુકાનીધારી શખ્સો ચોરી કરી ગયા હતા. જેથી ડીસા તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીછે કે, છેલ્લા બે દિવસથી અજાણ્યા તસ્કરો હાઈવે પરની દુકાનોને નિશાન બનાવતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

# ભિલોડા - શામળાજી ધોરીમાર્ગ પર મોહનપુર ગામ પાસે ટ્રક અને બાઈક ધડાકભેર ટક્કરાતા બાઈક ચાલકનું મોત

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડાના શામળાજી ધોરીમાર્ગ પર શહીદ પેટ્રોલ પંપ સામે મોહનપુર ગામ પાસે વહેલી સવારે જીવલેણ અકસ્માત સર્જાયો હતો.મઠ ગામના બાઈક ચાલક નું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું.ઘટના સ્થળ પર લોકોના ટોળે - ટોળા એકત્રિત થઈ ગયા હતા.મઠ ગામમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભિલોડા શહેરના મોહનપુર ગામના શહીદ પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહેલ ટ્રકના ચાલકે માંતેલા સાંઠની માફક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે ટ્રક હંકારતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો.સિમેન્ટ ભરેલી ટ્રક નંબર. G.J.31.T.2303 અને બાઈક નંબર G.J.31.P.1739 પર સવાર બાઈક ચાલકના જીવલેણ અકસ્માત દરમિયાન બાઈક પર સવાર, રમણભાઈ માધાભાઈ પગી, (આશરે ઉંમર વર્ષ - ૫૩), રહેવાસી, મઠ, તા.ભિલોડા)નું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા. બાઈક



પર સવાર પિતા અને પુત્રી ને સિમેન્ટ ભરેલી ટ્રકે ધડાકાભેર ટક્કર મારતાં બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. બાઈક ચાલક ચિબોડા થી મઠ તેઓના ઘર તરફ જતા પિતા અને દીકરી વહેલી સવારે અકસ્માતનો ભોગ બન્યા હતા.જીવલેણ અકસ્માત દરમિયાન પિતાનું મોત દિકરીના શરીર પર વત્તા - ઓછા પ્રમાણ ઈજાઓ પહોંચતા ગંભીર રીતે ધાયલ થયેલ હોય સારવાર અર્થે ખસેડાયા હતા.કિંજલબેન પરમારે જીવલેણ અકસ્માત સંદર્ભે ટ્રક ચાલક વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શામળાજીના બોબીમાતા નજીક રોડ પર ફાયનાન્સ કર્મી પર હુમલો

## ૨.૫૯ લાખની લૂંટ કરી ત્રણ બુકાનીધારીઓ બાઈક પર ફરાર

મોડાસા, તા. ૧૦

**ફાયનાન્સ કંપનીના કર્મી પર હુમલો કરી લૂંટની ઘટના બનતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ ફેલાયો છે : ત્રણે બુકાનીધારી લૂંટારુઓએ ફાયન્સ કર્મીઓની ગતિવિધિની રેકી કરી નિર્જન માર્ગ પર લૂંટી લીધોની ચર્ચા.**

અરવલ્લી જીલ્લાના શામળાજી પંથકમાં ચોર,લૂંટારુ ગેંગ ધીરે ધીરે બેફામ બની રહી છે શામળાજીના જાબચીતરીયા-બોબીમાતાના અંતરિયાળ માર્ગ પરથી પસાર થતા ફાયનાન્સ કંપનીના કર્મચારીને ત્રણ બુકાનીધારી શખ્સોએ આંતરી માથાના ભાગે ડંડાનો ઘા ઝીંકી કર્મચારી પાસે રહેલ લોન રિકવરીના ૨.૫૯ લાખ ભરેલા થેલાની લૂંટ કરી અન્ય બાઈક ચાલક કર્મી પહોંચતા તેના પર પથ્થરમારો કરી બાઈક પર ફરાર થઈ જતા ભારે ચકચાર મચી છે શામળાજી પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. શામળાજીની ખાનગી ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતા અતુલ ભાઈ સોલંકી નામનો કર્મચારી અન્ય કર્મચારીઓ સાથે જુદી-જુદી બાઈક પર લોનના હપ્તા ઉઘરાવી શામળાજી તરફ પરત ફરતા બોબીમાતા થી જાબચિતારીયા તરફના અંદરના રસ્તા પરથી પસાર થતા રોડ પર બાઈક લઈ ઉભેલા ત્રણ બુકાનીધારીઓએ અતુલ ભાઈના માથા પર ડંડાનો ઘા મારતા હેલ્મેટ પર દંડો અથડાતા અતુલ ભાઈ સોલંકી નીચે પડી જતા તેમની પાસે રિકવરીના થેલામાં રહેલા ૨.૫૯ લાખ ઝુંટવી લેતા તેમને પકડી રાખતા ઝપાઝપી થતા એક શખ્સે ખંજર જેવું હથિયાર બતાવી લૂંટ કરી ફરાર થતા પાછળ અન્ય રાજુભાઈ ખાંટ નામનો કર્મી આવતા તેના પર પથ્થર મારો કરી ફરાર થઈ જતા ઈજાગ્રસ્ત કર્મીને સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. શામળાજી પોલીસે રાજુભાઈ બુધાભાઈ ખાંટની ફરિયાદના આધારે ત્રણ અજાણયા શખ્શો સામે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે

## ખેડૂતોને મળ્યા ઉદ્ધત જવાબ, જે થાય તે કરીલો

# બાયડ તાલુકાના બાદરપુરા ફીડરમાં મેન્ટેનન્સ પછી વાયર ઉંધાં ફીટ કરતાં મોટરો અવળી ફરી

## ખેડૂતોની મોટરોને નુક્સાન, વિજતંત્ર એ ફરિયાદ સાંભળવાનું ટાળ્યું

બાયડ, તા.૧૦

બાયડ તાલુકાના સાઠંબા જી.ઈ.બી. તાબાના બાદરપુરા ફીડરમાં મેન્ટેનન્સ પછી વાયર ઉંધાં ફીટ કરતાં મોટરો અવળી ફરવા લાગી હતી જેના કારણે ૧૦૦૦થી વધુ ખેડૂતોને નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. કેટલાક ખેડૂતોએ વિજ તંત્રને ફરિયાદ કરી તો સાંભળવાનું ટાળ્યું અને છેલ્લે તો એવા ઉદ્ધત જવાબ મળ્યા કે જે થાય તે કરી લેજો. ખેડૂતોએ આ મુદ્દે ચીફ ઈજનેરને ફરિયાદ કર્યાનું પણ જાણવા મળ્યું છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ૫ દિવસ અગાઉ તાલુકાના બાદરપુરા ફીડરમાં મેન્ટેનન્સની કામગીરી ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા કરવામાં આવી હતી અને મેન્ટેનન્સની કામગીરી પછી ફીડરના કેબલના છેડા જે રીતે લગાવેલા હોય તે રીતે જ લગાવવાના હોય છે પરંતુ મેન્ટેનન્સ પછી કેબલના છેડા ઉંધા લગાવતાં ખેડૂતો રાત્રે પાણી વાળવા માટે ખેતરમાં પહોંચ્યા ત્યારે મોટર ઉંધી ફરવા લાગી જેના કારણે અનેક ખેડૂતો ચોંકી ઉઠ્યા હતા. બાદરપુરાના ખેડૂત ઈશ્વરભાઈ પટેલે આ અંગે વિજ તંત્રના અધિકારીને છેડા બદલા અંગે ફરિયાદ કરતાં શરુઆતમાં તો મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું પરંતુ ત્યારબાદ મોબાઈલ ઉપાડયા પછી અત્યારે કશું જ નહીં થાય, તમારે જે થાય તે કરી લેજો તેમ કહી મોબાઈલ મૂકી દીધો હતો. ખેડૂતોના જણાવ્યા અનુસાર બાદરપુરા, ગાબટ, કાદવિયા, જીતપુર, રામપુરા સહિતના ગામોના ૧૦૦૦થી વધુ ખેડૂતોએ અન્ય હેલ્પરને બોલાવી છેડા ફેરફાર કરવાની ફરજ પડી હતી અને ખેડૂત દીઠ રુ ૨૦૦ થી ૩૦૦નો ખર્ચ આવ્યો અને ત્યારબાદ ૨ દિવસ પછી વિજતંત્રએ ફરીથી છેડા બદલી નાખતાં ખેડૂતોની માઠી દશા જેવી સ્થિતિ સામે આવી છે. છેલ્લા કેટલાય સમયથી સાઠંબા વિજ તંત્રની બેદરકારી સામે જનઆક્રોશ ચરમસીમાએ જોવા મળી રહ્યો છે.